સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વેપારી અને બજારની હવે કમર તૂટે છે!
ગરીબ અને મધ્યમવર્ગ હવે માથાં કૂટે છે!
ફૂંટે ફૂગ્ગો હવે ફૂલાવેલાં સોનેરી સપનાં નો -
'અચ્છે દિન' આવશે નો હવે વિશ્વાસ ખૂટે છે.

હાઈકુ

'જેટ' બજેટ
પટકાયું ગૂંલાટે -
ધરતી પર
(રૂપેલી ધૂમશેર સાથે)

આપે સંકેત,
ઓસરે છે પ્રભાત -
વળતાં પાણી...
(પેટાચૂંટણી પરિણામો)

ચિંતન

યથા હિ કુરુતે રાજા પ્રજાસ્તમનુવર્તતે ।

ઉપરોક્ત શ્લોક 'મહાભારત'માંથી લેવામાં આવેલ છે.

રાજા જેવું આચરણ કરે તેને પ્રજા અનુસરે છે.

યથા રાજા - તથા પ્રજા - આજકાલ પ્રધાનશ્રીઓ - સચિવો - અધિકારીઓ ખાયકી અને કૌભાંડો કરી - સરકારી તિજોરીને નૂકશાન કરે છે - 'રાષ્ટ્ર'ને આપત્તિ આવતી હોય તો પણ તેની દરકાર કર્યા વિના 'ખાયકી' કરે છે. ટેલિફોન કૌભાંડ - હથિયાર ખરીદી કૌભાંડ - ચારા કૌભાંડ તો દરિયામાં ટોચ જેવાં દેખાતાં કૌભાંડ છે.

રાજાઓ જ આવા હોય તો પ્રજાના વેપારીઓ - કર્મચારી પણ પછી એમનું જ અનુસરણ કરે જ ને ?!

સુવિચાર

- મુક્ત અવસ્થા ન હોય ત્યારે પ્રપંચને પ્રજ્ઞા લેખવામાં આવે છે, પ્રપંચી રીતો અસરળ અને વિનાશક હોય છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- જનતાને રાજનીતિનું શિક્ષણ પામવા માટેનો અભ્યાસક્રમ એટલે ચૂંટણી - **જવાહરલાલ નહેરુ**
- જેને પોતાના ગૌરવનું ભાન છે તે કોઈ ચીજ મફત મેળવવાને બદલે પોતાના પૌરુષથી મેળવવાની ખેવના રાખે છે - **સ્વામી રામતીર્થ**
- દંડ અન્યાયી ને માટે ન્યાય છે - **જનકલ્યાણ**
- જે મારું ધન ચોરે છે, તે મારું સૌથી તુચ્છ વસ્તુ લઈ જાય છે - **શેક્સપિયર**
- માનવીનો જન્મ કોઈ દિવ્ય ઈચ્છાનું પરિણામ છે, તે જીવી જાણવું એ જ નિયતી છે - **પ્રો. એચ.એમ. ત્રિવેદી**
- આજનું ઔષધ : ઊંટકંટો ના મૂળને ઉકાળી ને ઠંડુ થયેલું પાણી પીવાથી સ્ત્રીઓને પ્રસવ સરળતાથી થાય છે, આ પ્રયોગ આઠમા તથા નવા મહીને કરી શકાય છે. *(સંકલન : દિપક વી. આશર)*

બોધકથા

સાબરમતી આશ્રમમાં મોડી રાતે એક ચોર પકડાયો. એને એક ઓરડીમાં પૂરી દીધો. સવારે ગાંધીજી નહાઈ ધોઈ ને પરવાર્યા ત્યારે આશ્રમવાસીએ ચોરને બાપુ સમક્ષ રજૂ કર્યો. રાતભર જાગીને ઊઠીને આવેલા ચોરનો વેશ જોઈને બાપુએ વ્યવસ્થાપકને કહ્યું, 'તમે આને નિત્યકર્મ કરાવ્યા વિના જ મારી પાસે લઈ આવ્યા છો?'

વ્યવસ્થાપક ને પણ આશ્ચર્ય થયું. બાપુની વાત સાંભળીને ચોર તો બાપુને પગે પડ્યો અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. બાપુએ એને શાંત પાડ્યો.

બાપુએ સૂચના આપી કે એને આશ્રમમાં જ રાખવો. થોડા વખતમાં એ મહેનતું, આશાંકિત આશ્રમવાસી બની ગયો. બાપુના અંગત સેવકોમાં પણ તે એક હતો.

ધનકુબેરોનું પલાયન ચિંતાપ્રેરક

તંત્રીસ્થાનેથી...

દેશમાંથી ઢસડાઈ રહેલા બુદ્ધિધન કરતાં પણ વધુ ચિંતા ઉપજાવતી બાબત ધનકુબેરોના પલાયનની છે. વરસોવરણ દેશના સંપન્ન પરિવારો માતૃભૂમિને અલવિદા કહીને અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, કે ન્યુઝીલેન્ડ જેવા દેશો ભણી હિજરત કરવા લાગ્યા છે. અલબત્ત આ પ્રક્રિયા વૈશ્વિક સ્તરની છે પરંતુ ચીન અને ભારત જેવી ઊભરતી મહાસત્તાઓ માટે પોતાના આર્થિક દૃષ્ટિએ અતિસમૃદ્ધ નાગરિકોનું આવું વલણ અવશ્ય અપશુકનિયાળ જ ગણાશે. વળી છેલ્લાં વર્ષો દરમિયાન આ રીતે દેશ છોડી જનારા નાગરિકોની સંખ્યા ફૂદકે ને ભૂસકે વધતી રહી છે. એક તરફ દુનિયાના સમૃદ્ધ દેશોમાં ભારતનું નામ પણ બોલાવા માંડ્યું છે - એ વિશ્વનો છઠ્ઠા નંબરનો ધનિક દેશ બની ગયો છે, અહીં હવે અબજોપતિઓની માતબર કહી શકાય એવી વસતિ ઊભી થવા માંડી છે, તો વળી દેશની મોટા ભાગની સંપત્તિ પણ આ અબજોપતિઓ હસ્તક જ ભેગી થયેલી છે, ત્યારે આવા ધનકુબેરો દેશનું નાગરિકત્વ છોડી અમેરિકા, યુ.કે. ઓસ્ટ્રેલિયા કે કેનેડા જઈને વસવાનું પસંદ કરે ત્યારે સ્વાભાવિક છે કે એ ફક્ત સુવિધાયુક્ત અને પ્રદૂષણમુક્ત જીવનનો જ મહિમા કરે છે. એમણે પોતાના દેશ અળખાણણો નથી લાગતો. આ માટીની માયા તો અકબંધ જ રહે છે, અને તે વારે-તહેવારે જયારે તેઓ 'દેશ'માં પધારે છે ત્યારે એમના દ્વારા કરાતાં ઉધાર પુણ્યદાન સ્વરુપે અભિવ્યક્ત થાય છે. આપણી ભૂમિના પ્રાચીન વારસાનું એમને ભારોભાર ગૌરવ પણ છે. એથી જ જયારે આપણા વડાપ્રધાન વિદેશયાત્રાએ જાય છે ત્યારે હજારોની સંખ્યામાં પોતપોતાનો કામધંધો છોડીને આ વિદેશવાસી ભારતીયો એમને નિહાળવા અને માણવા ઉમટી પડે છે. આપણું આવું સંપન્ન માનવધન વિદેશોમાં ખેંચાઈ જાય છે ત્યારે એક જુદી જાતની ચિંતા પણ થાય છે. જનારી પહેલી પેઢીને તો વતન પ્રત્યે લાગણી રાખે છે, પ્રસંગોપાત દેશની વહારે પણ દોડી આવે છે. પરંતુ બીજી-ત્રીજી પેઢી માટે તો વિદેશ જ એમનું વતન બની રહેશે. એ લોકો માટે હિંદુસ્તાન ફક્ત એક 'જોણું' બની રહેશે. એમને તો વિદેશમાં જ પોતાનો વ્યવસાય અને પ્રતિષ્ઠા વધારવામાં રુચિ રહેશે. કયારેક ઈસીએફએમજી પરીક્ષા આપીને આપણા દેશની મેડિકલ કૉલેજોમાં તૈયાર થયેલા સ્નાતકો અમેરિકા તરફ ભાગતા હતા. એમને ત્યાં જતા અટકાવવા ભારત સરકારે દેશમાં આ પરીક્ષા લેવાનું બંધ કર્યું હતું. હવે જયારે આપણા દેઓશના દૂરવર્તી ગામડાના લોકો પણ બહેતર આજીવિકાની તલાશમાં કોઈને કોઈ બહાને વિદેશ ભણી દોટ મૂકી રહ્યા છે ત્યારે આ ધનકુબેરોને દેશ છોડતા કઈ રીતે રોકી શકાશે ? 'મેક ઈન ઈન્ડિયા' જેવા વડાપ્રધાન પ્રેરિત કાર્યક્રમની તદ્દન વિરુદ્ધની આ ઘટના ભારતના ભવિષ્ય માટે ચિંતાપ્રેરક બની રહે છે.

નીતિશતક - એક વિહંગાવલોકન

જીવન દર્શન

પી.એમ. પરમાર

'પહેલા પહેલાં જુગમાં તું હતી પોપટીને અમે રે પોપટ રાજા રામના' - આ લોકગીત કાને પડતાં જ રાજા ભર્તૃહરિ (ભરથરી) અને રાણી પિંગલા સૌ કોઈને યાદ આવી જ જાય. ભતૃહરિનું નામ પડતાં જ જે સાહિત્યના રસિકજનો છે તેમને નીતિશક, શૃંગાલશતક, વૈરાગ્યશતક અચૂક સ્મૃતિપટે આવે જ. ભતૃહરિનાં આ ત્રણ શતકો પૈકી આજે નીતિશતક વિશે વાત કરવી છે.

નીતિશતકમાં સો શ્લોકો છે જે સોનાની લગડી જેવા છે. દૂધનો સાર ઘી, ફૂલોનો સાર મધ, મમતાનો સાર મા; ધર્મનો સાર ગીતા છે એમ સમગ્ર માનવજાતની જિંદગીનો સાર આ નીતિશતક છે. ઈ.સ. ૬૫૧માં ઉજ્જૈનમાં ભતૃહરિ થઈ ગયા. ૧૩૬૭ વર્ષ વીત્યા છતાં પણઆજે નીતિશતકની અનુભવી વાણી એટલી જ પ્રસ્તુત છે. આવો જોઈએ -

પવિત્ર મન બધાં તીર્થોથી ચઢીયાતું છે. અપકીર્તિ તો મૃત્યુથી પણ વધારે ખરાબ છે. અઢળક સંપત્તિમાં પણ નમ્રતા એ સજ્જનનું લક્ષણ છે. દારૂણ દુઃખમાં પર્વતની શિલા જેવું અડગ મન મહાપુરુષનું લક્ષણ છે. માતા-પિતાને સદા પ્રસન્ન રાખે એ જ સપુત્ર છે. ગુપ્તદાન, અતિથિ સત્કાર અને કૃતજ્ઞતા એ સંસ્કારી પરિવારનો પુરાવો છે. ફળો આવતાં ડાળીઓ નમે છે તેમ સમૃદ્ધિ આવતા સત્પુરુષો નમ્ર બને છે. કાન જ્ઞાનથી અને હાથથી અને હાથ અને દાનથી શોભે છે.

શરાબથી શરમનો નાસ થાય છે. જે ક્રોધી છે તેને પછી બીજા કોઈ શત્રુની જરૂર પડતી નથી. બધા રોગોની દવા છે પણ સંશય માટે કોઈ ઉપાય નથી. વિઘ્નના કાલ્પનિક ભયથી જે કાર્ય કરતા જ નથી તે અધમ છે. ચારિત્ર્ય ઘણું તો માની લેજો કે સર્વસ્વ ગયું. દુર્જન ભલે વિદ્યાર્થી શોભતો હોય તેને દૂર જ રાખવો. પારસમણિથી શોભતો નાગ શું ભયંકર નથી ?

સંસ્કારી વાણી આગળ બધા આભૂષણો ફીકા પડે રેતીમાંથી કદાચ તેલ કાઢી શકાય પણ મૂર્ખને મનાવી શકાતો નથી. વિવેકથી જે ભ્રષ્ટ થાય છે તે બધે અળખામણો બની જાય છે. વિદ્વાનો તો ધન વગર પણ મહાન છે. વિદ્યા વગરનો માણસ પશુ સમાન છે. આ જગતમાં ધનની માત્ર ત્રણ જ ગતિ છે : દાન, ભોગ અને નાશ. રાજનીતિ વારાંગનાની જેમ અનેક રુપ ધારણ કરે છે. પાપમાં કદી પ્રેમ ન રાખો અને પુણ્ય માટે કદી પ્રેમનો ત્યાગ કરશો નહિ. મદને મારી નાખો, તૃષ્ણાને કાપી નાખો, લોભને બાળી નાખો.

સુખ કે દુઃખ એ આપણે જાતે કરેલાં કર્મોનું જ ફળ છે. પ્રારબ્ધ આગળ માણસ પાંગળો છે. આપત્તિ આવે છે ત્યારે એકલી નથી આવતી તેના આખા પરિવારને સાથે લઈને આવે છે. આવાં તો અનેક નીતિવાક્યો આખા નીતિશતકમાં મોતીની જેમ વેરાયેલાં પડેલાં છે જે દૂધ જેવું પોષણ આપે છે, ઘી જેવી તાકાત આપે છે; ચંદ્રની શીતળતા અર્પે છે, પાણી જેવી પારદર્શિતા આપે છે, ઉપવન જેવી સંસ્કારની સુવાસ આપે છે. નીતિશતક એક વખત હાથમાં લો એટલે એ પૂરું કર્યા વગર વાચક નીચે મૂકવાની હિંમત કરી શકતો નથી.

નીતિશતક જિંદગી જીવવાની જડીબુટ્ટી છે, રાજીપાનું ઉત્તમ રસાયણ છે, આચરણનું વ્યાકરણ છે, ભાષાનું ભૂષણ છે અને લાવણ્ય છે, વિદુરનીતિ, ચાણક્યનીતિની જેમ નીતિશતક એ એ આપણા સૌનું ગૌરવ છે. એક વખત વાંચી તો જુઓ !

તીખું મરચું :

માણસો વાતો કરે છે આસ્તિકની અને જીવે નાસ્તિકની જેમ.

....અને આજે આ યાત્રા બાર વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં પ્રવેશે છે...

તમને તારાઓની બારાખડી ઉકેલતાં આવડે છે?
- તો લખો.
તમને ફુલોની પાંખડીમાં પ્રવેશતા આવડે છે ?
- તો લખો.
તમને ક્ષણની આંખડીમાં કશુંક આંજતા આવડે છે ?
- તો લખો.
તમને રણના વિષાદને મૃગજળથી માંજતા આવડે છે ?
- તો લખો.
તમને આંખમાં આવેલા વાદળને નહીં વરસાવતા આવડે છે ?
- તો લખો.
તમને મેઘધનુષને સુક્કી ધરતી પર વાવતાં આવડે છે ?
- તો લખો.
તમને લોકોની વચ્ચે તમારી સાથે રહેતા આવડે છે ?
- તો લખો.
તમને તમારાથી પણ છૂટાં પડતાં આવડે છે ?
- તો લખો.
તમને કંઈ પણ આવડતું નથી
એ અવસ્થા પર ઊભા રહેતા આવડે છે ?
- તો લખો.

સુરેશ દલાલ રચિત આ કાવ્ય આજે આપની સમક્ષ પીરસવાનું મન થયું, કારણ કે 'વિચાર-યાજ્ઞા' આજે ૧૨ વર્ષ પૂર્ણ કરીને ૧૩માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

૨૦૦૬થી અવિરત ચાલી રહેલી આ યાત્રાની શરુઆત સમયે મેં ઉપરોક્ત પ્રશ્નો મારા મનને કદી પૂછ્યાં ન હતા... પરંતુ ચોક્કસ આવા જ કંઈ મનોભાવ અને અભિવ્યક્તિ મને અંદરથી ધગધગાવતી રહી એટલે લખવાનું શરું કર્યું.

ફેબ્રુઆરી ૨૦૦૬ પહેલા છૂટા-છવાયા લેખ 'ગાંધીનગર સમાચાર'માં છપાતા હતા... અને પછી જહા સાહેબે નિયમિત કૉલમ માટે આમંત્રણ આપ્યું.... ત્યારબાદ પાછું વળીને જોયું નથી...

વિચારયાત્રા - ગૌરવયાત્રા બની...

પ્રિય જય ઓઝાને વિચારયાત્રાનાં ૧૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે અઢળક શુભેચ્છાઓ તથા શુભાશિષ... કોલેજીયન છોકરડાના લખાણથી લઈને ૧૩ વર્ષના અંતે 'ગુર્જર રત્ન' સાહિત્ય લખવા લાયક બનવા માટે જયને અભિનંદન...

કૃષ્ણકાન્ત જહા
- તંત્રી

શરુઆતથી અત્યાર સુધી લખવા માટે જે લાયકાત હોવી જોઈએ તેની સમજ વિકસી છે, એટલું તો ચોક્કસ કહી શકું.

દરેક લેખક માટે લખવાની શરત માત્ર એ જ હોવી જોઈએ કે તેને અંદરથી અકળ આત્મનાદ પોકારતો હોય, તેવું સ્વભાન થાય ત્યારે શબ્દો આપોઆપ કાગળ પર કોતરાવા માંડે છે...

માત્ર કાગળ, પેન, ભાષા જ્ઞાન, વિશેષણોના લટકણીયા, કે પછી વિવિધ અવતરણો શીખી જવાથી લખવાનો પરવાનો મળી જતો નથી...

ભાવક એક વાર તમારી વ્યાકરણ અશુદ્ધ હોય તેવી વાક્ય રચના અને જોડણીની અશુદ્ધિ કદાચ સહી લે છે, પરંતુ લખવાનો શિષ્ટાચાર અને વ્યાપાર જ ચાલતો હોય તેવું રોબોટિક લખાણ સહ્ય નથી...

માટે જ આ કવિતા અત્યારે ખૂબ બંધબેસતી લાગે છે. માત્ર ૫૨ અક્ષરોની સ્થૂળ બારાખડીનું જ્ઞાન પૂરતું નથી... અહીં તો તારાઓની બારાખડી ઉકેલવાની છે...

ક્ષણની આંખડીમાં... જીવન આખું જીવી જઈએ પરંતુ નાની નાની ક્ષણોને માણવાની સમજવાની જીવનાની કળા સર્જનાત્મક તરફ દોરી જાય છે. મનનો ડૂમો મનમાં જ દાબી રાખવો... અંતરના આંસુ અંતરમાં જ ધરબી દેવાના. મનનું અકથ્ય દુઃખ મનમાં જ સમાવીને લખી શકીએ, અને પછી જે હિંગળોક કલર મન અને હૃદયમાં ઘોળાઈને કાગળ પર ઉતરે ત્યારે એક તૃપ્તિનો અહેસાસ થાય છે...

સામાહિક કૉલમ... દરેક મંગળવાર મંગળમય બનવા જોઈએ તેવી કામના સાથે શ્રી ગણેશાય નમઃ કર્યા... અને પછી તો આપ વાચકોએ જાણે કૉલમ જ ખભે ઉપાડી લીધી... વર્ષના આશરે ૫૦ લેખ પ્રમાણે લગભગ ૬૦૦ લેખ પૂર્ણ થયા... ૨૪-૨૫ લેખને રજામાં ગણીએ તો લગભગ ૬૦૦ અઠવાડિયાથી આપ વાચકોનો પ્રેમ જે અવિરત પ્રેમ - મેસેજ, વ્હોટસએપ, મેઈલ અને ફોન દ્વારા મળે છે, તે સંજીવની સમાન છે...

વિચારયાત્રા

ડો. જય ઓઝા

સ્વાભાવિક રીતે જ દરેક દિવસો સમાન નથી હોતા... આ બાર વર્ષોમાં ઘણી ચડતી-પડતી ઉતાર-ચડાવ ઈસ્ટમેન કલરથી લઈને બ્લેક એન્ડ વ્હાઈટ અને ક્યારેક તો માત્ર શ્યામવર્ણી જીંદગીના યુ-ટર્ન આવ્યા... પણ સાચું કહું તો વિચારયાત્રા હવે મારી માટે કૉલમ માત્ર નથી. પરંતુ મારા જીવનનું નિકટતમ પાત્ર છે... તેનાં 'હોવાપણા'ની ઘણી વીજળી ઝબકારા મારી ગઈ છે...

૨૦૦૮માં 'અને એવું બધું...' અને ૨૦૧૬માં એક સાથે પાંચ પુસ્તકો 'વિકાસયાત્રા', 'જીવનયાત્રા', 'ચિંતનયાત્રા', 'અંતરયાત્રા' અને 'સંબંધયાત્રા' રુપે કુલ ૬ પુસ્તકો આ 'વિચારયાત્રા' ના ખોળે અવતર્યા...

અને સત્ય વાત એ છે કે, આજે જો બાર વર્ષે મને 'વિચાર-યાત્રા' એ કંઈ શીખવ્યું હોય તો એ છે... 'હું સતત શીખી રહ્યો છું... તેમ જીવવું...'

પ્રામાણિકપણે અને નિખાલસતાથી મારે એ વાત સ્વીકારવી રહી છે - આપ સર્વેના પ્રેમ અને ભાવથી જે કાંઈ લખાય છે,તે સંપૂર્ણ તો નથી જ કદાચ ઘણા એવા એવા વિષયો હશે કે જેને વાંચીને તમને થયું હોય કે અરે બસ જો આવું જ તો આપણે વિચારતા હતા... બસ ઠાલા શબ્દો નહોતા. મારા - તમારા - આપણા મનના વિચારો લાગણીઓને જ વ્યક્ત કરવાનો યત્ન કરી રહ્યો છું...

મુ. શ્રી કૃષ્ણકાન્ત જહાએ જે અવસર આપ્યો ત્યારે તેઓ તંત્રી અને હું કટાર લેખક હતા, પરંતુ તેઓનું અવિરત માર્ગદર્શન અને ચીવટ મને આજે તંત્રી કરતા વડીલભર્યું સ્થાન વધુ નજીક લાગે છે... ઘણીવાર સંજોગો અવળચંડા હોય તો લખીને શાતા વળી છે, તો ઘણીવાર ગમતાના ગુલાલ રુપે આપ સહુ સુધી મારા વિચારોના સ્વસ્તિકની રંગોળી પૂરવાનો પ્રયત્ન કર્યો છે...

આ જ પ્રમાણે ભવિષ્યમાં આપ આ 'વિચાર-યાજ્ઞા' ને આશીર્વાદ આપતા રહેશો તેવી અભિપ્સા સાથે... એક ઑર નવા વર્ષમાં મંગળવારે મંગળ પ્રવેશ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

બે પરિવારોનો વિશ્વાસ જીતી શકે એનું નામ દીકરી

'ડેડી, મારે તમને કાંઈક કહેવું છે.'

કહી અને રડી પડી ધ્વનિ. ડેડીએ કહ્યું, 'બેટા, કાંઈ પ્રોબ્લેમ છે? જવાબમાં ફરી ડૂસકું મુકતા મુકતા કહે 'તમારીને મારી ઈચ્છા પ્રમાણે... આટલું બોલીને ફરી રડી પડી.' ડેડીની ચિંતા ઔર વધી કે આને કોઈ હેરાન કરે છે? ઑફિસમાં કાંઈ પ્રોબ્લેમ થયા છે ? ઘરમાં કોઈ એને વઢ્યું છે ?... આ બધા પ્રશ્નો અને તેના જવાબો છેક ખેંચી જાય છે ધ્વનિના જન્મના સમય સુધી.

માતાનું પિયર મહુવા... સૌરાષ્ટ્રનું કાશ્મીર અને મોરારિ બાપુનું ગામ. પિતા ભાવનગરમાં રાજય સરકારમાં અધિકારી તરીકે સેવા આપે અને મીડિયા તથા સ્ટેજ પ્રવૃત્તિ સાથે એમનું જોડાણ. એના જન્મ સમયે એના મમ્મી મનીષાની તબિયત એકાએક બગડી. એક તરફ દીકરીનો જન્મ થયો અને બીજી તરફ મમ્મીએ ભાન-સાન છોડ્યા. એ સમયે સરકારી હોસ્પિટલ, મહુવાના ડૉકટરોએ જાણે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી મનીષાને બચાવવા માટે સંકલ્પ કર્યો. એનું બ્લડપ્રેશર શૂન્ય થઈ જાય તો પમ્પીંગ કરીને ફરી હાર્ટ ધબકતું કરે... આવું એકવાર નહિ પરંતુ ત્રણ-ચાર વાર થયું.

નાનું ગામ, મર્યાદિત મેડિકલ સેવાઓ અને છતાં ડૉકટરોએ મનીષાને બચાવી લેવાના, એનું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થાય એ માટેના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. આખરે નક્કી થયું કે વધુ સારવાર માટે મનીષાને અમદાવાદ શીફ્ટ કરવી. એમ્બ્યુલન્સમાં અમદાવાદ લઈ જવામાં આવી તો દીકરી ભાવનગર સુધી સતત રડતી હતી. ભાવનગરમાં રામમંત્ર મંદિર પાસે ડૉ. વીજળીવાળાને બોલાવવામાં આવ્યા, તબિયત તપાસી તો ચાર ડીગ્રી તાવ!! આ દીકરીની ફઈ મીનાએ એના ભાઈ સાથે મળીને નિર્ણય લીધો કે તને મનીષાને લઈને અમદાવાદ જાવ, આ દીકરી હવે ભાવનગરમાં જ રહેશે. ડૉકટર વીજળીવાળાએ પણ કહ્યું કે, 'આ દીકરીનું સ્વાસ્થ્ય સાચવવાની જવાબદારી મારી' એટલે તેઓ એને એમના ઘરે લઈ ગયા... પંખો ચાલુ કર્યો ને જાણે કોઈ ચમત્કાર થયો હોય એમ તાવ ઉતર્યો ને દીકરી હસવા માંડી.

એના ડેડીના બાળપણના મિત્ર સતીષના પપ્પા અરવિંદ કાકાને ફરમાન જાહેર કરી દીધું કે 'આ દીકરી અને મીના મારા ઘરે જ રહેશે.' એનો પ્રભાવ અને સ્વભાવ તથા પરિવાર સાથેનો દોઢ દાયકાનો સંબંધ એવો સહુએ આ નિર્ણય હોંશભેર સ્વીકાર્યો. સતીષની બહેન બીનીએ આ દીકરીનું લાડકું નામ ઢોલક પાડ્યું... કેમ ? તો કહે ધરતી પર આવતાની સાથે જ એણે એવા ઢોલ વગાડ્યા કે બધા દોડતા થઈ ગયા. રોજે રોજ આખો દિવસ પારિવારિક સગા-વ્હાલા ને મિત્રો ઢોલકને રમાડવા આવતા થયા. એ સમયે સતીષની પત્ની જાગૃતિએ પણ એમના દાંપત્યજીવનમાં બીજી દીકરીને જન્મ આપ્યો હતો. એમને ઢોલકને માનો પ્રેમ આપ્યો ને એમનામાં રહેલી માતૃત્વની લાગણીએ ઢોલકને સ્તનપાન પણ કરાવ્યું. આમ જાગૃતિ એક અર્થમાં 'યશોદા' ના પાત્રને જીવી ગઈ...

સમય વીતતો ગયો... ધ્વનિના પ્રથમથી લઈને ૮-૧૦ વર્ષ સુધીના જન્મદિવસો સંગીત કાર્યક્રમોથી ઉજવાયા. જેમાં શ્રેષ્ઠ કલાકારો એમની કલા રજૂ કરવા આવતા હતા. પછીથી પિતાજી - માતા અને નાની બહેન સ્તુતિના પરિવાર સાથે ધ્વનિ પણ અમદાવાદ આવી ગઈ. અભ્યાસ પૂરો કરીને કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે એક MNC માં જોડાણી... ઉંમર વધતા સ્વાભાવિક રીતે યોગ્ય પાત્રની શોધ હાથ ધરવામાં આવી. ડેડીએ કહ્યું કે 'તું પાત્ર શોધી લે તો ઉત્તમ...' એ સમયે કોઈ પાત્ર ધ્યાનમાં ન હતું. થોડા સમય પહેલા મિત્રના એક મિત્ર રૂપે ધ્વનિની નજરમાં એક પાત્ર ગોઠવાયું હતું...

અજવાળું - અજવાળું

તુષાર જોશી

એનું નામ પિયુષ શર્મા... મૂળ જબલપુરના પણ દિલ્હી-મુંબઈ થઈને હવે અમદાવાદમાં કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે MNC માં કામ કરતો હતો. સાલસ - સરળ - આનંદી વ્યક્તિત્વ ખુબ સારી રીતે રસોઈ બનાવી જાણે - પરિવારના સ્વજનો હિમાંશુ - હેમંત અને જસ્મીનના પરિવારો સાથે પિયુષ ભળતો ગયો અને એક દિવસે ધ્વનિએ લેખના આરંભે લખેલો સંવાદ કર્યો... 'આટલી સ્પષ્ટ વાત પછી આખરે બંનેનું વૈવિશાળ થયું - અમદાવાદ - જબલપુરમાં કાર્યક્રમો થયા અને હમણાં જ બંને આશીર્વાદ અને શુભકામનાઓ સાથે લગ્નગ્રંથિઓ જોડાયા...' આમ પસંદ પોતાની હતી પરંતુ માતા-પિતા અને વડીલોને પુરા વિશ્વાસમાં લઈને ધ્વનિએ સહુનો પ્રમ જીત્યો અને પોતાની પસંદ મુજબનું પાત્ર પણ મેળવ્યું.

દીકરી મોટી થાય એટલે પ્રત્યેક માતાપિતાને એના માટે યોગ્ય પાત્ર જીવન સાથી તરીકે શોધવાની ચિંતા હોય. આવા સમયે જો ખોટું પાત્ર પસંદ થાય તો ભવિષ્યમાં અનેક પ્રશ્નો પણ ઉદ્ભવી શકે છે.

ધ્વનિ અને તેના જેવી દીકરીઓ વિચારોની સ્પષ્ટતા, એમના પરિવારના સંસ્કાર અને જીવન જીવવાની ફિલસૂફીના કારણે સાચું પાત્ર પસંદ કરી શકે છે અને પરિવારના વડિલોનો વિશ્વાસ જીતીને બે પરિવારને એક પણ કરી શકે છે આવું થાય ત્યારે દીકરીના સંસ્કારોના દીવડા ઝળહળે છે અને અજવાળા રેલાય છે.